❖ **સંશોધન પ્રક્રિયા કેવી રીતે કરી ? :** પાઠને અનુરૂપ મૂલ્ય શિક્ષણ મળે તેવી બોધ વાર્તા, અભિનય સાથે ગીત, મૌખિક પ્રશ્નોતરી, શ્લોકનું ગાન કરાવ્યું, સારી ટેવો પડે તેવી વાર્તા.

❖ **કસોટી ધ્વારા ચકાસણી :** વિદ્યાર્થીઓ વડીલોને માન સન્માન આપતા થયા, મિત્રો સાથે સારું વર્તન કરતાં થયાં. સાચું બોલતા થયાં.

❖ **માહિતીનું એકત્રીકરણ :** સ્ટાફનાં શિક્ષક સાથે ચર્ચા, વાલી સાથે ચર્ચા, બાળકોમાં કેવુ ઘડતર થયું છે.તે માટે પ્રશ્નાવલી આપવામાં આવી. મૌખિક પ્રશ્નોતરી કરી. વિદ્યાર્થીઓના વર્તનનું નિરીક્ષણ કર્યુ. સહઅભ્યાસી પ્રવૃતિ પર સ્પર્ધા લેવામાં આવી.

❖ **માહિતીનું પૃથકકરણ :** શાળાનાં શિક્ષકો વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અનેક બાબતામાં ઘડતર કરે છે. જેમ કે.. શૈક્ષણિક ઘડતર , શિસ્ત સંબંધિત ઘડતર, સામાજિક ઘડતર, નૈતિક અને આધ્યાત્મિક ઘડતર.

❖ **પરિણામો :** વિદ્યાર્થી અન્ય વિદ્યાર્થી સાથે સહકાર પૂર્વક વર્તે છે, મૈત્રી પૂર્ણ વાતાવરણ જોવા મળ્યું, આત્મવિશ્વાસ વધારે જોવા મળ્યો.

❖ **તારણો :** શિક્ષક ફક્ત પાઠ શીખવતા નથી પણ વિદ્યાર્થીના આચાર –વિચાર વ્યવહાર, મૂલ્ય - પ્રણાલી અને જીવન દૃષ્ટિકોણનું ઘડતર કરે છે.

❖ **અવલોકન :** વિદ્યાર્થીઓમાં પ્રાર્થના, સુવિચારો, અને નૈતિક વાર્તાઓ દ્વારા મૂલ્ય ઘડતર. વિદ્યાર્થીઓમાં સહકાર, સદ્ભાવો અને ઇમાનદારીનું વર્તન દેખાય છે. વડીલ અને માતા પિતાને સમ્માન આપતા દેખાયા.

❖ **ભાવિ સંશોધન માટેનાં સૂચનો :** વિદ્યાર્થીઓમાં ભવિષ્ય માટેના ગુણો, કુશળતાઓ અને મૂલ્યોનું ઘડતર કરવામાં શિક્ષકનું કાર્ય શૈક્ષણિક જ નહી પણ નૈતિક અને અને ભાવનાત્મક વિકાસ માટે પણ અગત્યનું છે.

---



## વિષય : શિક્ષકની વાણીના વિદ્યાર્થીઓ પર પ્રભાવની અસરકારકતા ચકાસવી.

**અનિતાબેન કે. વાઘેલા**
(મ.શિક્ષક.પ્રાથમિક વિભાગ)

➢ **પ્રસ્તાવના :** શિક્ષકની વાણી વિદ્યાર્થીઓ પર ઘણો પ્રભાવ પાડે છે. તે જાણવા માટે સંશોધન કરવામાં આવ્યું છે.

❖ **સમસ્યા :** શૈક્ષણિક કાર્ય દરમિયાન વિદ્યાર્થીઓનું ધ્યાન રહેતું નથી.

❖ **સંશોધનનો હેતુ :** પ્રસ્તુત સમસ્યાના કારણો જાણવાનો અને ઉકેલવાનો તથા સમાધાન લાવીને સમસ્યાનું નિવારણ કરવાનો હતો.

❖ **માહિતીનું એકત્રીકરણ :** ધો. ૪ (અ) ના વિદ્યાર્થીઓને પ્રશ્નાવલી ભરાવી શિક્ષકો સાથે ચર્ચા વિચારણા કરી માહિતી મેળવવામાં આવી.

❖ **સંશોધનની મર્યાદા :** નારાયણ વિદ્યાલય, ભરુચ ના વર્ષ ૨૦૨૫-૨૬ નાં ધોરણ ૪ (અ) માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૂરતું સીમિત હતું.

❖ **સમસ્યાનાં સંભવિત કારણો :** શિક્ષકની સમજાવવાની ગતિ ખૂબ ધીમી હોવી અથવા ખૂબ ઝડપી હોવી .

❖ **પ્રાયોગિક કાર્યની રૂપરેખા / મૂલ્યાંકન :** અસ્પષ્ટ ભાષા ઝડપી બોલવાની રીત અને ઉદાહરણોનો અભાવ દૂર કરી શકાય છે. શિક્ષકની પ્રોત્સાહક અને મૈત્રીપૂર્ણ વાણીનો ઉપયોગ કરે ત્યારે વર્ગખંડનું વાતાવરણ સકારાત્મક બને છે તેમજ વાણીની ગુણવત્તા શિક્ષણની અસરકારકતા સાથે સીધી જોડાયેલી છે.

❖ **પરિણામો અને તારણો :** સૌથી વધુ અસરકારક તત્વ સ્પષ્ટ ભાષા, ઉદાહરણો અને રજૂઆત વિદ્યાર્થીઓને મદદરૂપ સાબિત થાય છે. પ્રેરક અને મૈત્રીસભર વાણી વિદ્યાર્થીઓના અભ્યાસ પ્રત્યેના રસમાં વધારો કરે છે.

❖ **ભાવિસંશોધન માટેના ઉપાયો :** ડિજિટલ માધ્યમમાં શિક્ષકની વાણી કેટલી અસરકારક છે તેમજ વિદ્યાર્થીઓમાં તણાવ, ચિંતામા ઘટાડો અથવા પ્રેરણા વધારવામાં કેટલું સહાયક સાબિત થાય છે તે અભ્યાસ કરી શકાય છે .

**પ્રેરક વાણી પ્રગતિનો માર્ગ બતાવે છે.**